

# ધન્ય આજની ઘડી રે રળિયામણી !

~ ડૉ. મનોજ સોની



*'આ જન્માક્ષર ઉપરથી તો આ સાધુ મહાન ઈશ્વરાવતાર હોય તેમ જણાય છે... આ સાધુ તો મહાસમર્થ અને યોગીન્દ્ર પુરુષ થશે...'*

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજીમહારાજ – સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી માટે ઉપરોક્ત શબ્દો એક વિદ્વાન જ્યોતિષાચાર્યે ઉચ્ચાર્યા હતા. સમય હતો વિક્રમ સંવત ૧૯૩૯ની કાર્તિક માસની કૃષ્ણ પક્ષની પંચમીનો. સ્થાન હતું તીર્થોત્તમ વડતાલ.

ધર્મધુરંધર પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રી વિહારીલાલજીમહારાજના પ્રીતિપાત્ર, વિચક્ષણ અને વ્યવહારકુશળ પૂજ્ય કોઠારીશ્રી ગોવર્ધનભાઈના લાડીલા અને નંદ કોટિના સાધુ પરમ પૂજ્ય સ્વામીશ્રી વિજ્ઞાનાનંદજીના વ્હાલા બાળભક્ત શ્રી ડુંગરભક્તને મહાયજ્ઞ કરી વેદોક્ત વિધિપૂર્વક ભાગવતી દીક્ષા આપવાનો નિર્ણય સ્વયં પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રી વિહારીલાલજીમહારાજે કર્યો હતો. દીક્ષાવિધિ સંપન્ન થયે ડુંગરભક્ત હવે 'યજ્ઞપુરુષ' રૂપે પ્રગટ થયા !

ભવ્ય દીક્ષાવિધિ સંપન્ન થયા પછી તે જ દિવસે પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રીના સાંનિધ્યમાં જે મોટી સભા ભરાઈ હતી, તે સભામાં પધારેલા એક પ્રકાંડ વિદ્વાન જ્યોતિષાચાર્ય પાસે પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રીએ સાધુ યજ્ઞપુરુષદાસજીના જન્માક્ષર જોવરાવ્યા. પહોળી આંખે આશ્ચર્યાનંદ સાથે તે સમયે એ વિદ્વાન જ્યોતિષાચાર્યે તેઓની વિદ્યાના મતિબળે જેટલું કંઈ સમજાયું તેટલું ભાવિ ભાખ્યું ! તે સમયે તો જ્યોતિષાચાર્યે કરેલા ભવિષ્યકથન સાંભળી પૂજ્યપાદ આચાર્યમહારાજશ્રી વિહારીલાલજીમહારાજ તથા કોઠારીશ્રી ગોવર્ધનભાઈ સહિત સૌને અતિ આનંદ અને અહોભાવ થયો !

પરંતુ તે પછીના એક લાંબા કાલખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન કાજે ગુરુહરિ શાસ્ત્રીજીમહારાજ – જેમને સ્વયં આચાર્યમહારાજશ્રીના પ્રત્યક્ષ સાંનિધ્યમાં ભરી સભામાં વિદ્વાન જ્યોતિષાચાર્યે ઈશ્વરાવતાર રૂપે ઓળખાવ્યા હતા – તેમને કેટકેટલાં વિકટ કષ્ટો અને અપમાન તિરસ્કારસભર કંટકમાર્ગે ચાલવાનું થયું તેનો ઈતિહાસ સાક્ષી છે. છતાં, કેવી દિવ્ય વિરલ વિભૂતિ ગુરુહરિ શાસ્ત્રીજીમહારાજ ! તેઓ કહેતા, 'અરે ! શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કાજે તો કદાચિત્ કોઈ શ્વપચના ઘરે વેચાવું પડે તો પણ ઓછું છે !'

સ્વયં ગુરુહરિ યોગીજીમહારાજે પણ પોતાના શ્રીમુખે તેઓના જીવનપ્રાણ યુવા જશભાઈ (સાહેબદાદા)ને શાસ્ત્રીજીમહારાજનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું હતું, 'શાસ્ત્રીજીમહારાજે ધાર્યું હોત તો વડતાલમાં જ ઈશ્વરાવતાર રૂપે પૂજાયા હોત... તેઓની સોનાની મૂર્તિ સ્થપાઈ હોત...






છતાં એ બધાનો ત્યાગ કરી શ્રી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન કાજે રાન-રાન ને પાન-પાન થઈ વિચર્યા... અનેક કષ્ટો અને અપમાનો સહન કર્યાં...'

આવા દિવ્ય મૂર્તિ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સાક્ષાત્કાર કરાવ્યો ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજે.

અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી ગુણાતીતાનંદજીના વચને પોતાના દેહની કે અસ્મિતાની પરવા કર્યા વિના સૌને બ્રહ્મની મૂર્તિ માની દિવ્યભાવ અને સુહૃદભાવે સૌના ગુણ ગાઈ સેવા કરી ભગતજીમહારાજ ગુણાતીતાનંદસ્વામીની અપાર પ્રીતિએ યુક્ત કૃપાથી ગુણાતીતભાવને પામ્યા હતા ! વળી, છડે ચોક ગુણાતીતાનંદસ્વામી મૂળ અક્ષરમૂર્તિ છે અને સહજાનંદસ્વામી પૂર્ણપુરુષોત્તમ છે તેવો સત્ય ઉદ્‌ઘોષ પણ તેઓ સત્સંગ અને સમાગમમાં કરતા. સુરતમાં આવા જ એક સત્સંગ-સમાગમના ફળસ્વરૂપે સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીને બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સાક્ષાત્કાર કરાવ્યા હતા.

આ વર્ષે ૨૦૧૮, વિક્રમ સંવત ૨૦૭૪ની મહા સુદ વસંતપંચમીએ ગુરુહરિ શાસ્ત્રીજીમહારાજનું પ્રાગટ્ય મહાપર્વ તથા આવતા મહિને ફાગણ સુદ પૂર્ણિમાએ આવી રહેલું બ્રહ્મસ્વરૂપ ભગતજીમહારાજનું પ્રાગટ્યપર્વ એ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને જીવવા સમર્પિત આપણા સૌ માટે મહા ગૌરવવંત અને અતિ આનંદપ્રદ સમય છે.

આ જ વર્ષે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ભારતના મૂળ અને મુખ્ય ષડદર્શન - છ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન ધારાઓની સમકક્ષ એક સ્વતંત્ર અને પૂર્ણ એવા સપ્તમ દર્શનરૂપે ભારતના મૂર્ધન્ય શાસ્ત્રજ્ઞ વિદ્વાનોએ સહર્ષ અને ગૌરવભેર સ્વીકાર કર્યો છે.

બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામીમહારાજની પ્રેરણા, કૃપા અને આશીર્વાદથી સ્વામીશ્રી પૂજ્ય ભદ્રેશદાસજીએ કરેલા અનુસંધાન આધારિત ગ્રંથનિર્માણ અને પ્રકાશન દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન આજે ભારતીય આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનનાં મૂળ છ દર્શનો યોગ, સાંખ્ય, ન્યાય, વૈશેષિકા, પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસાની સમકક્ષ એક સ્વતંત્ર અને પૂર્ણ એવા સપ્તમ દર્શનરૂપે સ્થાન અને સ્વીકૃતિ પામ્યું છે. બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામીમહારાજના શ્રી ચરણે અનંત કોટિ વંદન સાથે ગદ્‌ગદ હૃદયે ધન્યભાવ સાથે પૂજ્ય સ્વામીશ્રી ભદ્રેશદાસજીને પણ આપણાં કોટિ કોટિ વંદન હો ! ◆